DIU HIGHER EDUCATION SOCIETY, DIU

U.T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

OFFICE OF THE PRINCIPAL

DIU COLLEGE, EDUCATION HUB, DIU – 362520 (U.T.)

No. F.2-16/2020-21/OBC/ 124 Date: 24 /09/2020

# NOTICE

આથી દીવ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જણાવવાનું કે ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ માટે ભારત સરકારની Central Sector Scheme (CSS) અંતર્ગત તમામ વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપના ફોર્મ ભરવાની શરૂઆત ભારત સરકારના ઓનલાઈન પોર્ટલ National Scholarship Portal 2.0 (www.scholarships.gov.in) પર થઇ ગઈ હોવાથી વિદ્યાર્થીઓએ પોતાનું ફોર્મ ઓનલાઈન ભરવાનું રહેશે. ફોર્મ ભરવાની પ્રક્રિયા અને કોઈ પણ પ્રકારની વધુ માહિતી મેળવવા માટે ઉપર દર્શાવેલ વેબ-સાઇટ પર જવાનું રહેશે.

❖ ફોર્મ ભરવાની પ્રક્રિયા:

1. નવા વિધાર્થીઓએ ઉપર દર્શાવેલ વેબ-સાઇટ પર જઈ અને પોતાનું REGISTRATION કરાવવાનું રહેશે. અન્ય વિદ્યાર્થીએ Log-In કરી અને સ્કોલરશીપ Renewal માટે apply કરવાનું રહેશે.
2. ત્યારબાદ પોતાનું ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મ ભરતી વખતે બધી વિગતો સાચી હોય તેનું ધ્યાન અવશ્ય રાખવું.
3. ફોર્મ ભર્યા બાદ વિદ્યાર્થીએ ફોર્મ ભર્યાની CONFIRMATION RECEIPT મેળવવાની રહેશે.
4. ત્યારબાદ વિદ્યાર્થીએ પોતાના બધા ડોક્યુમેન્ટ્સ લઈ નીચે આપેલ સમયગાળા સુધીમાં સમયસર કોલેજ આવી અને વેરીફીકેશન કરાવવાનું રહેશે.

- ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : 31/10/2020
- ડોક્યુમેન્ટ વેરીફીકેશનની છેલ્લી તારીખ : 15/11/2020

નોંધ: બધા વિધાર્થીઓને ખાસ જણાવવાનું કે પોતાનો આધાર-કાર્ડ અને મોબાઈલ નંબર પોતાના બેંક અકાઉંટ સાથે લીંક કરાવવો ભારત સરકારના નિયમ પ્રમાણે ફરજીયાત છે. આવું ના કરવામાં આવે તો ભવિષ્યમાં આ સંદર્ભમાં ઉભી થતી પરેશાનીઓની બધી જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.

(Vaibhav Rikhari)
Principal,
Diu College, Diu.
Email: diucollege.diu-dd@nic.in
Phone: (02875) 254115

બિડાણ:

1. Guidelines with Criteria's.

# નોટિસ

આથી દીવ કોલેજ દીવમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે. કે, વર્ષ 2020-21 માટે ભારત સરકારની "પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ યોજના" અંતર્ગત હાલ નેશનલ સ્કોલરશિપ પોર્ટલ પર વિવિધ સ્કોલરશિપ યોજનાઓ દર્શાવેલ છે જેમાં,

1. Central Sector Scheme of Scholarship for College & University students (CSSS)
2. Post Matric Scholarship scheme for Minority students.
3. Post Matric Scholarship for ST students.

આ યોજનાઓ માટેના ઓનલાઈન ફોર્મ ભરવાના થાય છે. સ્કોલરશિપ યોજના માટેની પાત્રતા/શરતો/ અરજી ફોર્મ, ફોર્મ ભરવાની છેલ્લી તારીખ અને અરજી ફોર્મ સાથે બીડવાના થતાં જરૂરી આધાર / પુરાવા / દસ્તાવેજ વગેરેની વિસ્તૃત સૂચના કોલેજના નોટિસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. જેની નોંધ સંબંધિત વિદ્યાર્થીઓએ લેવી.

Date :- 23-09-2020

Place :- Diu.

Asst. Prof. Bharatkumar K. Pala
Scholarship Committee Diu college

# વિવિધ શિષ્યવૃત્તિ યોજના માટેની પાત્રતા

## 1. Central Sector Scheme of Scholarship for College & University students

આ યોજના માટે પાત્રતાની મુખ્ય શરતો

1. વિદ્યાર્થીએ ધોરણ 12ની પરીક્ષામાં 80 પરસેન્ટાઈલ (80th Percentile of successful students) કે તેથી વધુ માર્ક્સ સાથે પાસ થયેલ હોય

2. વિદ્યાર્થીના માતા/પિતા/વાલી/કુટુંબની કુલ વાર્ષિક આવક ₹ 8,00,000/-(આઠ લાખ) થી વધુ ન હોવી જોઈએ વર્ષ 2019-20ના સંદર્ભમાં

* ભારત સરકાર દ્વારા વર્ષ 2020-21 માટે આ યોજના માટે કુલ 82000 શિષ્યવૃત્તિઓ મળવાપાત્ર છે. જેમાં દીવ-દમણનાં વિદ્યાર્થીઓ માટે 19 અને ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ માટે 3944 મળી શકે છે. મળવા પાત્ર રકમ U.G. Level માટે ₹ 10,000 છે. જે રિન્યુ થવા પાત્ર છે.

* ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ 31-10-2020 છે.

* ઓનલાઈન ફોર્મ ભરવા માટે અને આ યોજના માટે જરૂરી માહિતી / માર્ગદર્શિકા નેશનલ સ્કોલરશિપ પોર્ટલ પર મુકવામાં આવી છે.

* લઘુમતી જાતિના વિદ્યાર્થીઓ, અને દિવ્યાંગ કેટેગરીના

વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ યોજના 2020-21 માટે પાત્રતા / શરતો આ પ્રમાણે છે

1. વિદ્યાર્થી લઘુમતી જાતિનો હોવો જોઈએ એટલે કે વિદ્યાર્થી Muslim, Christian, Sikh, Buddhist, Jain and Zoroastrian (Parsis) have been notified as minority Communities under Section 2(c) of National Commission for Minorities Act 1992.
2. વિદ્યાર્થીએ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં (અને સેમેસ્ટર) ઓછામાં ઓછા 50% ગુણ સાથે ઉત્તીર્ણ થયેલ હોવો જોઈએ.
3. વિદ્યાર્થીના માતા / પિતા / વાલી / કુટુંબની વાર્ષિક આવક ₹ 2,00,000/- (બે લાખ) થી વધુ ન હોવી જોઈએ. વર્ષ 2019-20 ના સંદર્ભમાં
4. વિદ્યાર્થીઓની પસંદગી ગુણવત્તાના ધોરણે કરવામાં આવશે.
5. 30% શિષ્યવૃત્તિ વિદ્યાર્થિનીઓ (કન્યા છાત્રાઓ) માટે અનામત રાખેલ છે.
6. કોઈ એક કુટુંબના વધુમાં વધુ બે વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.
7. ભારત સરકારની લઘુમતી શિષ્યવૃત્તિ યોજના-2020-21 માં જણાવેલ માર્ગદર્શિકાનું પાલન કરવું જોઈએ.

8. ઓનલાઇન અરજી / ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ 31-10-2020

* વિદ્યાર્થી જો દિવ્યાંગ કેટેગરીમાં હોય તો તેમના માટે પણ ઓનલાઇન ફોર્મ ભરી શકાશે જેની છેલ્લી તા. 31-10-2020.

* ઓનલાઇન અરજી પત્રક સાથે મોકલવાના થતાં જરૂરી આધાર પુરાવા / દસ્તાવેજોની વિગત નીચે પ્રમાણે છે.

1. આધાર કાર્ડ
2. વિદ્યાર્થીની બેંક પાસબુકની નકલ જે આધાર કાર્ડ સાથે લિંક થયેલ છે તે
3. રજીસ્ટ્રેશન માટે મોબાઇલ નંબર, E-mail
4. ધોરણ 10, 12, F.Y (Sem-1, Sem-2) S.Y. (Sem-3, 4) ની માર્કસશીટની નકલ, L.C. શાળા છોડિયાનું પ્રમાણપત્રની નકલ
5. વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો / Income certificate વર્ષ 2019-20 ની આવક અંગેનું
6. વિદ્યાર્થી લઘુમતીમાં આવે છે તે માટે Self declaration Non Judicial stamp paper પર માતા / પિતા / વાલીની સહી સાથે નિયત નમુનામાં, જો વિદ્યાર્થીની ઉંમર 18 ઓછી હોય તો. અને જો ઉંમર 18 વર્ષની વધુ હોય તો વિદ્યાર્થી પોતાની સહી સાથે Self declaration કરી શકે છે.

7. જે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ્સ, કોલેજમાં ભરેલ ફીની પહોંચ

* Post Matric scholarship for ST students.

પાત્રતા / શરતો

1. વિદ્યાર્થી ST (Scheduled Tribes) અનુસૂચિત જન જાતિમાં આવતો હોવો જોઈએ.
2. વિદ્યાર્થીના માતા / પિતા / વાલી / કુટુંબની કુલ વાર્ષિક આવક ₹ 200000/- (બે લાખ) થી ઓછી હોવી જોઈએ.
3. વિદ્યાર્થી જે તે કોર્ષમાં અભ્યાસ કરતો હોવો જોઈએ.
4. આ સંદર્ભમાં નેશનલ સ્કોલરશિપ પોર્ટલ પર દર્શાવેલ માર્ગદર્શિકાનું પાલન કરતો હોવો જોઈએ.
5. ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તા. 16-11-2020 છે.

ઉપરોક્ત જણાવેલ વિવિધ સ્કોલરશિપ યોજનાઓનો લાભ મેળવા ઈચ્છુક વિદ્યાર્થીએ નેશનલ સ્કોલરશિપ પોર્ટલ NSP પર ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. જેમાં સેન્ટ્રલ સેક્ટર સ્કોલરશિપ, લઘુમતી જાતિ, દિવ્યાંગ કેટેગરીની યોજના માટે અરજી કરવાની છેલ્લી તારીખ:- 31-10-2020 છે તથા અનુસૂચિત જનજાતિ (ST) માટેની છેલ્લી તારીખ:- 16-11-2020 છે. ઓનલાઈન ફોર્મ ભરવા માટે અને જરૂરી માર્ગદર્શન માટે દીવ કોલેજ સ્કોલરશિપ કમિટીનો સંપર્ક કરવાનો રહેશે. જેની નોંધ સંબંધિત વિદ્યાર્થીઓએ લેવી.

* ખાસ નોંધ :- સ્કોલરશિપ યોજનાના સંદર્ભમાં કોઈપણ સરકારી કચેરી / સંસ્થા / કોલેજ ખાતે આવવાનું કે જવાનું થાય ત્યારે ભારત સરકારની COVID-19 અંગેની માર્ગદર્શિકાનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે.

Date:- 23-09-2020

Place:- Diu

Asst. Prof. Bharatkumar K. Pala
Scholarship Committee
Diu College, Diu.